# રાજ્યમાં નવા ૪૯૮ કેસ, ૨૯નાં મોત

## છેલ્લા ૨૪ કલાકમાં 313 દર્દી સાજા થઈ ઘરે પહોંચ્યા : અમદાવાદ શહેરમાં ૨૬નાં મૃત્યુ, કુલ ૨,૧૬,૧૩૦ લોકો ક્વોરેન્ટાઈન

ગાંધીનગર,તા.૬ રાજ્યમાં અનલોક-૧ બાદ જનજીવન ધીરે ધીરે ધબકતું થયું છે. તો બીજી તરફ છેલ્લા કેટલાક દિવસમાં કોરોનાના કેસમાં વધારો ચોક્કસ નોંધાયો છે પરંતુ એના સામે રિકવરી રેટમાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળતા તંત્રને હાશકારો થયો છે. છેલ્લા ચોવિસ કલાક દરમિયાન રાજ્યમાં ૩૧૩ દર્દીઓ સાજા થઈને ઘરે પાછા ફર્યા છે જ્યારે નવા ૪૯૮ કેસ નોંધાયા છે. આ સમય દરમિયાન જ ૨૯ કોરોનાના દર્દીનાં મોત થયા છે. સરકારી આંકડાઓ પર નજર નાખીએ તો રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજદિન સુધીમાં કુલ ૨,૧૬,૧૩૦ લોકોને ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૨,૦૯,૩૯૧ જણા હોમ ક્વોરેન્ટાઈન છે અને ૬,૭૩૯ લોકોને ફેસીલીટી ક્વોરેન્ટાઈનમાં રાખવામાં આવ્યા છે. તો બીજી તરફ કોરોનાના દર્દીઓનાં મોતમાં અમદાવાદ હજુ પણ ખૂબજ આગળ છે. છેલ્લા ચોવિસ કલાકમાં રાજ્યમાં ૨૯ લોકોનાં કોરોનાને? કારણે? મોત થયા છે, જેમાં અમદાવાદમાં-૨૬, સુરતમાં –૦૨, અને વડોદરા ખાતે ૦૧ વ્યવતિઓનું મૃત્યુ થયું છે. અત્યાર સુધીમાં રાજ્યનો કોરોનાનો કુલ મૃત્યુઆંક ૧૨૧૯ પર પહોંચ્યો છે. સરકાર દ્વારા વાયરસના સંક્રમણને અટકાવવા અને આ રોગના દર્દીઓને શોધી કાઢવા માટેની ઝૂંબેશ પણ સઘન બનાવાઈ છે જેના ભાગ રૂપે રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ૨,૪૫,૬૦૬ ટેસ્ટ કરવામાં આવ્યા છે.સમગ્રતઃ રાજ્યમાં ૫૦૭૪ એક્ટીવ કેસ, વેન્ટીલેટર ઉપર ૬૧ જણા છે જ્યારે ૫૦૧૩ દર્દી સ્ટેબલ હોવાનું સરકારી યાદીમાં જણાવાયું છે. આજ દિન સુધીમાં ૧૩૩૨૪ દર્દીઓને ડિસ્ચાર્જ કરાયા છે જ્યારે રાજ્યમાં કુલ મડત્યુ આંક ૧૨૧૯ પર પહોંચ્યો છે. રાજ્યમાં છેલ્લા ચોવિસ કલાકમાં મુખ્યત્વે અમદાવાદમાં ૨૮૯, સુરતમાં ૯૨, વડોદરામાં ૩૪, ગાંધીનગરમાં ૨૦ કેસ નોંધાયા હતા જ્યારે અન્ય ૧૬ જિલ્લામાં આઠથી લઈને બે કેસ નોંધાયા છે.

### કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૬૯૦૯૫૮૯ | ૩૯૯૬૭૧ | ૩૧૯૩૯૧૮ |
| ભારત | ૨૪૩૯૦૪ | ૬૮૪૫ | ૧૧૭૪૬૯ |
| ગુજરાત | ૧૯૬૧૭ | ૧૨૧૯ | ૧૩૩૨૪ |
| ગાંધીનગર | ૪૦૧ | ૧૬ | ૧૮૨ |

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૩૯૬૭ | ૯૯૪ | ૯૬૮૯ |
| સુરત | ૨૦૩૪ | ૮૪ | ૧૩૧૯ |
| વડોદરા | ૧૨૫૮ | ૪૩ | ૭૪૪ |
| ગાંધીનગર | ૪૦૧ | ૧૬ | ૧૮૧ |
| ભાવનગર | ૧૩૮ | ૧૦ | ૧૦૬ |
| બનાસકાંઠા | ૧૩૬ | ૦૫ | ૧૦૦ |
| આણંદ | ૧૦૮ | ૧૧ | ૯૧ |
| રાજકોટ | ૧૨૮ | ૦૩ | ૭૩ |
| અરવલ્લી | ૧૨૦ | ૦૭ | ૧૧૧ |
| મહેસાણા | ૧૫૩ | ૦૬ | ૮૩ |
| પંચમહાલ | ૧૦૧ | ૧૦ | ૭૪ |
| બોટાદ | ૬૦ | ૦૨ | ૫૫ |
| મહીસાગર | ૧૧૬ | ૦૨ | ૧૦૭ |
| ખેડા | ૮૬ | ૦૪ | ૫૯ |
| પાટણ | ૯૮ | ૦૭ | ૬૮ |
| જામનગર | ૬૧ | ૦૩ | ૪૩ |
| ભરૂચ | ૫૪ | ૦૩ | ૩૪ |
| સાબરકાંઠા | ૧૧૭ | ૦૩ | ૯૦ |
| ગીર-સોમનાથ | ૪૭ | ૦૦ | ૪૪ |
| દાહોદ | ૪૫ | ૦૦ | ૩૨ |
| છોટાઉદેપુર | ૩૭ | ૦૦ | ૨૩ |
| કચ્છ | ૮૮ | ૦૪ | ૫૬ |
| નર્મદા | ૨૩ | ૦૦ | ૧૮ |
| દેવભૂમિ દ્વારકા | ૧૫ | ૦૦ | ૧૧ |
| વલસાડ | ૫૩ | ૦૨ | ૨૬ |
| નવસારી | ૩૧ | ૦૧ | ૧૪ |
| જૂનાગઢ | ૩૨ | ૦૧ | ૨૭ |
| પોરબંદર | ૧૨ | ૦૨ | ૦૬ |
| સુરેન્દ્રનગર | ૪૬ | ૦૨ | ૨૧ |
| મોરબી | ૦૪ | ૦૦ | ૦૩ |
| તાપી | ૦૬ | ૦૦ | ૦૫ |
| ડાંગ | ૦૪ | ૦૦ | ૦૨ |
| અમરેલી | ૧૪ | ૦૧ | ૦૪ |
| અન્ય રાજ્ય | ૦૮ | ૦૦ | ૦૦ |
| કુલ | ૧૯૬૧૭ | ૧૨૧૯ | ૧૩૩૨૪ |

## ખોટી એપ ડાઉનલોડ કરતા સાબરકાંઠાના વૃદ્ધ સાથે ૪.૯૭ લાખની મોટી છેતરપિંડી

કોરોના વાયરસની મહામારી વચ્ચે ચોરો ફરી એકવખત બેફામ બન્યા છે. આજે સાબરકાંઠાથી એક મોટા સમાચાર મળી રહ્યા છે. સાબરકાંઠામાં એક વૃદ્ધ સાથે ઓનલાઈન છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં બેજાબાજ શખ્સોએ વૃદ્ધાનું બેંક એકાઉન્ટ મેળવીને રૂપિયા ૪.૯૭ લાખની ઓનલાઈન છેતરપીંડી કરી હોવાના અહેવાલ સામે આવ્યા છે. આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે સાબરકાંઠાના વૃદ્ધાને ખોટી એપ મારફતે ફોસલાવીને છેતરપીંડીના ભોગ બનાવાયા છે. આ ઘટના સંદર્ભે છેતરપીંડીની ફરિયાદ બી ડિવીઝન પોલીસમાં નોંધાઈ છે.આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, સાબરકાંઠાના એક વૃદ્ધા સાથે ઓનલાઈન છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં હિમતનગરના બ્રહમાણીનગરના વૃદ્ધ સાથે ઓનલાઈન રૂપિયા ૪.૯૭ લાખ મેળવી લઈ છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે ટાટા સ્કાયની ફ્રી ચેનલ માટે એપ ડાઉનલોડ કરાવી બેંક એકાઉન્ટની વિગતો મેળવી હતી. ભેજાબાજોએ વૃદ્ધને છેતરવા માટે ખોટી એપ મારફતે છેતરપિંડી આચરતા બી ડીવીઝન પોલીસે ફરીયાદ નોંધાવી છે. પોલીસ ઘટનાની ઉંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

## કોરોના મુક્ત આશાબેન આદિવાસીની વહારે આવ્યું વહિવટી તંત્ર તાત્કાલિક રાશન પુરૂ પડાયું

હિંમતનગર, તા.૬ સાબરકાંઠા જિલ્લાના ઈડરના સ્ટેશન વિસ્તારના આશાબેન અને તેમના પતિ બંનેને કોરોના સંક્રમણ થયુ હતું. જેમાં બંને કોરોના મુક્ત બની ઘરે પરત ફર્યા હતા. આ દંપતિની આર્થિક સ્થિતિ ખુબ જ નબળી હોવાથી વહિવટી તંત્ર દ્વારા રાશન પુરૂ પડાયું હતું.

કોરોના મુક્ત થઈ ઘરે પરત ફરેલા નાગરીકોને ટેલીફોનીક જાણકારી લેવામાં આવે છે. કોરોનામુક્ત લોકોને ટેલીફોનીક ફોલો અપ લેવામાં આવ્યું હતું. જેમાં તા. ૫ જુનના રોજ ઈડર સ્ટેશન વિસ્તારમાં કોરોના પોઝીટીવ આવનાર આશાબેન આદિવાસીને ફોન કરી તેમના ખબર- અંતર પુછતા તેમના ઘરે રાશન ના હોવાનુ વહીવટી તંત્રને જાણવા મળ્યું હતું.

આ બાબતે જિલ્લાના કોરોના વોર રૂમની કામગીરી સંભાળતા મદદનીશ કલેક્ટરશ્રી મમતાબેન હિરપરાએ આ પરીવારની તાત્કાલિક મદદ માટે ઈડર મામલતદારશ્રીને જાણ કરી અને આશાબેનના ઘરે રાશન પહોંચાડવા જણાવામાં આવ્યું હતું. પુરવઠા વિભાગે પહેલ કરી આ પરીવાર સુધી રાશન પહોચતુ કર્યું.

આશાબેન જણાવે છે કે, તેઓ અને તેમના પતિ જયંતિભાઈ આદિવાસી બંને કોરોના પોઝીટીવ આવ્યા હતા. હિંમતનગર સિવીલ હોસ્પિટલ ખાતે તેમની ખુબ સારી સારવાર કરવામાં આવી જેના અંતે આ દંપતિએ કોરોનાને માત આપી પોતાના ઘરે પરત ફર્યા હતા. વધુમાં તેઓ કહે છે કે મારે બે નાની દિકરીઓ છે અને અમારી આર્થિક સ્થિતી ખુબ જ નબળી હોવાથી વહિવટી તંત્ર દ્વારા અગાઉ પણ અમને રાશન પુરૂ પાડ્યું હતું. હાલમાં અમને ઘરે રહેવા જણાવાયુ હોવાથી અમે મજુરી કરી શકતા નથી. અમારા ખબર-અંતર પુછવા જ્યારે ફોન આવ્યો ત્યારે અમે ઘરે અનાજ ના હોવાનુ જણાવતા અમને તાત્કાલીક જ બીજા દિવસે અનાજ પુરૂ પાડવામાં આવ્યું હતું. આ માટે અમો પતિ-પત્નિ બંને જિલ્લા વહિવટી તંત્ર અને રાજ્ય સરકારના ખુબ જ આભારી છીએ.

આમ હાલમાં કોરોના મહામારી વચ્ચે પણ વહિવટી તંત્ર દ્વારા નાના-નાના માણસની પણ દરકાર લેવામાં આવી રહી છે. કોરોના દર્દીની સારવાર જ નહિ પરંતુ સારવાર બાદ ગરીબ અને જરૂરીયાતમંદ લોકોની અન્ય જીવન જરૂરીયાતની વસ્તુઓ ઉપલબ્ધ કરાવી સાળસંભાળ સાબરકાંઠા વહિવટી તંત્ર દ્વારા લેવામાં આવી રહી છે. સરકારની સંવેદનશીલતાના દર્શન વહિવટીતંત્ર દ્વારા પ્રત્યક્ષ સાબરવાસીઓને થઈ રહ્યા છે.

## અરવલ્લી જિલ્લામાં ૫૭૧ ઔદ્યોગિક એકમો ધમધમતા થયા

અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસના સંક્રમણને લઈ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં પ્રસરતા જિલ્લામાં અત્યાર સુધી ૧૨૫ થી વધુ કેસ નોંધાયા છે આ સાથે કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા અન્વયે કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર થયેલા વિસ્તારની બહાર ઔધોગિક એકમો કાર્યરત કરવાની મંજૂરી આપવા આવી છે. જેમાં મોડાસા શહેરની જીઆઈડીસી અને અન્ય વિસ્તારો મળી ૫૭૧ એકમો કાર્યરત કરાયા છે, પરંતુ જિલ્લાની ખાસ નોંધનીય છે કે રાજ્યના તમામ જિલ્લાઓમાંથી પરપ્રાંતીય લોકો પોતાના વતનમાં જતા રહેતા ઔધાગિક એકમોમાં શ્રમિકો મળવાની શક્યતા નહિવત હતી પણ અરવલ્લી જિલ્લામાં સ્થાનિક વિસ્તારના લોકો સાથે ઉધોગો ધમધમતા થયા છે. કાર્યરત કરવામાંઆવેલા ઔધોગિકએકમોનેકામ કરનાર મજૂરોના આરોગ્યની તપાસ તેમજ સામાજીક અંતર જળવાય તેમજ કામદારોનો વીમો, એકમોમાં આવા-ગમન સહિતની તમામ વ્યવસ્થાઓ ઉભી કરવામાંઆવી છે.

## સાબરકાંઠાને હરીયાળો બનાવવા ૨૮.૭૯ લાખ રોપાઓનો ઉછેર

૫ મી જૂન વિશ્વ પર્યાવરણ દિન-૧૯૭૪થી આ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આમ ૨૦૨૦માં ૪૬મો વિશ્વ પર્યાવરણ દિન સમગ્ર જિલ્લાભરમાં ઉજવાયો હતો. જિલ્લાને હરીયાળો બનાવવા હિંમતનગર સહિતના અનેક સ્થાનો પર સરકારી, સહકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા વૃક્ષારોપણના કાર્યક્રમ યોજાયા હતા. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાને હરીયાળો બનાવવા માટે બંને જિલ્લાની ૨૬ નર્સરીઓના સહયોગથી ૨૮.૭૯ લાખ રોપાનો ઉછેર કરાયો છે.

ગત વર્ષે બંને જિલ્લામાં પર્યાવરણ મહોત્સવ નિમિત્તે તમામ શૈક્ષણિક સંકુલો, ઓફિસો રસ્તાની બાજુઓ, ગ્રામ પંચાયત અને નગરપાલિકા દ્વારા આશરે ૪૫ લાખ રોપાઓ વાવવામાં આવ્યા હતા અને ચાલુ વર્ષે ૨૮.૭૯ લાખ રોપાનો ઉછેર થઈ ચુક્યો છે. જે જરૂરીયાત મુજબ લોકોને વિતરણ કરાશે. આ રોપાઓમાં નીલગીરી, લીંમડા, અરડુસા, આસોપાલ, ગુલમહોર, સરગવો, વડલો જેવા વૃક્ષોની સાથે સાથે ફળાઉ વૃક્ષ જેવા કે દાડમ, જામફળ, જાંબુ, આંબા, આંબળા જેવા વૃક્ષોનો સમાવેશ થાય છે.

## સાબરકાંઠા જિલ્લાના હવામાનમાં પલટો : નિસર્ગ વાવાઝોડાની અસર

### વિજયનગર પંથકમાં વરસાદી ઝાપટા : દિવસ દરમિયાન વાદળછાયા વાતાવરણથી ગરમીમાં રાહત : ઉનાળુ બાજરી સહિતનું વાવેતર કરનાર ખેડૂતોમાં ચિંતા

હિંમતનગર, તા. ૬ સાબરકાંઠા જિલ્લામાં નિસર્ગ વાવાઝોડાની અસરો જોવા મળી છે ત્યારે બુધવારે દિવસ દરમિયાન વિજયનગર પંથકમાં વરસાદી ઝાપટા પડતા વાતાવરણમાં પલટો આવ્યો હતો. જિલ્લાના હિંમતનગર, ખેડબ્રહ્મા, ઈડર સહિતના વિસ્તારોમાં દિવસ દરમિયાન વાદળછાયુ વાતાવરણ જોવા મળતા ગરમીમાં લોકોને છૂટકારો મળ્યો હતો. તો બીજી તરફ વરસાદી માહોલ વચ્ચે ઉનાળુ બાજરી સહિતનું વાવેતર કરનાર ખેડૂતોમાં ચિંતાની લાગણી જોવા મળી હતી.

આ અંગેની વિગત એવી છે કે નિસર્ગ વાવાઝોડું મહારાષ્ટ્રમાં ટકરાવાવાની સાથે સાથે તેની અસરો ગુજરાતમાં પણ જોવા મળી હતી. ખુબજ ગરમીના આ વાતાવરણમાં એકા એક પલટો થયો હતો. છેલ્લા ચોવીસ કલાક દરમિયાન જિલ્લામાં હિંમતનગર, ખેડબ્રહ્મા, વિજયનગર સહિતના પંથકમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદી ઝાપટા પડયા છે. બુધવારે સવારે વિજયનગર તાલુકાના કોડીયાવાડા, પરવઠ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પવનના સૂસવાટા સાથે વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત મંગળવારે પણ સાંજના સુમારે ખેડબ્રહ્મા પંથકમાં વરસાદી માહોલ જોવા મળતા વાતાવરણમાં ઠંડક જોવા મળી હતી. નિર્સગ વાવાઝોડાના પગલે છેલ્લા કેટલાક દિવસોથી અસહ્ય ગરમી અને બાફ સહિત ઉકળાટમાં તોબા પોકારી ઉઠેલા જિલ્લાવાસીઓને રાહતનો અનુભવ થયો હતો. તો બીજી તરફ ઉનાળુ બાજરીનું વાવેતર કરનાર ખેડૂતોએ ખેરતમાં ઉભા પાકને લણવાનું કામ પુરજોશમાં હાથ ધરી દીધુ છે. આ ઉપરાંત ચોમાસુ પાકનું આગોતરૂ વાવેતર કરનાર ખેડૂતોએ ખેતરો ખેડવાનું કામ હાથ ધર્યુ છે. નિર્સગ વાવાઝોડાની અસરને કારણે આ વર્ષે ચોમાસામાં પુરતા પ્રમાણમાં વરસાદ થશે કે કેમ તેની પણ ચિંતા અને ચર્ચા ખેડૂત આલમમાં જોવા મળી હતી.

## એચડીએફસી બેંક અને એચડીએફસી ડિજિડીમેટ અને ટ્રેડિંગ ફેસિલિટીએ તેના લૉન્ચના પ્રથમ જ મહિનામાં ૧૫,૦૦૦થી પણ વધુ ગ્રાહકો મેળવ્યાં

કોવિડ-૧૯ના પ્રસારને કારણે હાલમાં લોકો ઘરે જ રહેવા પર મજબૂર છે ત્યારે એચડીએફસી બેંક લિ.ને તેની હાલમાં જ લૉન્ચ થયેલી ડિજિડીમેટ કમ ટ્રેડિંગ ફેસિલિટીઃ ઈન્સ્ટન્ટ ડિજિટલ ડીમેટ કમ ટ્રેડિંગ ખાતા માટેના અરજદારોની સંખ્યામાં ખૂબ મોટો ઉછાળો જોવા મળ્યો છે. આ સેવાને બેંકની સહાયક કંપની એચડીએફસી સિક્યુરિટીઝ સાથેની સહભાગીદારીમાં તેના પસંદગીના અને વર્તમાન ગ્રાહકોને પૂરી પાડવામાં આવી રહી છે. એક મહિના પહેલાં જ્યારે તેનું લૉન્ચ થયું ત્યાર પછીથી અત્યાર સુધીમાં ડિજિડીમેટ અને ટ્રેડિંગને ૧૫,૦૦૦થી પણ વધારે નવા ગ્રાહકો પ્રાપ્ત થયાં છે.

આ સુવિધા હાલમાં એચડીએફસી બેંકના પસંદગીના ખાતાધારકો કે જેઓ તેમના નેટબેંકિંગના ક્રેડેન્શિયલ્સનો ઉપયોગ કરીને એચડીએફસી બેંકમાં ડીમેટ ખાતું અને એચડીએફસી સિક્યુરિટીઝમાં ટ્રેડિંગ ખાતું ખોલાવી શકે છે, તેમના માટે જ ઉપલબ્ધ છે. પાત્ર ગ્રાહકો તેમના ખાતામાં લૉગઈન કરી તેમને પૂરી પાડવામાં આવેલી લિંક મારફતે પોતાની નોંધણી કરાવી શકે છે. મૂળભૂત કેવાયસી અને સેટિંગની પસંદગીઓ બાદ યુઝરને વીડિયો ઈન-પર્સન ખરાઈ માટે તથા આધાર-સમર્થિત ઈ-સિગ્નેચર માટે કહેવામાં આવશે. ડીમેટ ખાતું ખોલાવવા માટે લગભગ ૫ મિનિટ અને ટ્રેડિંગ ખાતું ખોલવા માટે અંદાજે ૧૫ મિનિટ જેટલો સમય લાગે છે.

### હોમ લર્નિંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ માટે શાળામાં આચાર્ય ,મુખ્ય શિક્ષકો સહીત આવશ્યક અન્ય શિક્ષકોએ પણ હાજરી આપવાની રહેશે. જયારે જે વિદ્યાર્થીઓને સરકાર તરફથી વિનામુલ્યે પાઠયપુસ્તકો પુરા પાડવામાં આવે છે. તેવા વિદ્યાર્થીઓને તા ૮ થી ૧૩ જુન સુધીમાં પુસ્તકો મળી જાય તેવી વ્યવસ્થા પણ ગોઠવવી પડશે. સોસિયલ ડિસ્ન્ટન્સીંગના પાલન સાથે દરેક વિદ્યાર્થીઓને પુસ્તકો મળી જાય તે મુજબનુ શાળા કક્ષાએ મુખ્ય શિક્ષક અને આચાર્યએ આયોજન કરવાનુ રહેશે. કેન્દ્ર સરકારની સુચના મુજબ તા ૩૦ જુન સુધી વિદ્યાર્થીઓએ શાળામાં આવશે નહીં પરંતુ તેમને ઘરે બેઠા અભ્યાસક્રમ મુજબ શૈક્ષણિક પ્રવૃતિ મળી રહે તે માટે હોમ લર્નિંગનો કન્સેપ્ટ અપાનાવવો પડશે. મોબાઈલ તેમજ ટીવીના માધ્યમથી આ શૈક્ષણિક પ્રક્રીયા હાથ ધરાશે. તા ૧૫ જુનથી ડી ડી ગીરનાર ટેલીવિઝન ચેનલ પર શૈક્ષણિક કાર્યક્રમોનુ પ્રસારણ કરવામા આવશે.

વિદ્યાર્થીઓને હોમ લર્નિંગનો મહત્તમ લાભ લેવા માટે સરકારે વાલીઓને અપીલ પણ કરી છે. શિક્ષા અભિયાન તેમજ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ માટે પ્રાથમિક તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડના વિદ્યાર્થીઓ માટે ઓડિયો કલીપીંગ સહીત એસાઈમેન્ટ પણ તૈયાર કરશે. તેમ પણ જણાંવાયુ છે.

### ૧૦ કેસ નોંધાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તારમાંથી આ બીજો કેસ મળી આવેલ છે. મળતી વિગતો પ્રમાણે આ દર્દીએ ખાનગી વ્યવસાય સાથે સંકળાયેલ છે. આ દર્દીના પરિવારજનોને હોમ ક્વૉરોન્ટાઈન કરવામાં આવેલ છે.

સે.૧૯ ઉપરાંત સે.૨૦માંથી પણ એક કરિયાણાનો વેપાર કરતા વેપારીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. સે.૨૦માંથી પણ આ બીજો કેસ કોરોના પોઝિટિવ નોંધાયો છે. તંત્ર દ્વારા આ વેપારીના સંપર્કમાં આવેલા લોકોને હોમ ક્વૉરોન્ટાઈન કરવાની કામગીરી હાથ ધરી છે.

સે.૩ડીમાં રહેતો અને જી.આઈ.ડી.સી.માં ખાનગી નોકરી કરતા એક ૨૯ વર્ષીય યુવકનો રિપોર્ટ પણ આજે પોઝિટિવ આવ્યો છે.

સે.૩માં કેસોની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

શહેરમાં કોરોનાની સાથે સાથે અન્ય બિમારી ધરાવતા દર્દીઓની સંખ્યાએ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. તંત્ર દ્વારા સેનિટાઈઝેશન ઉપરાંત સઘન સર્વેલન્સ તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવાની કામગીરી હાથ ધરી છે.

### વધુ ૧૪ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા દર્દીઓમાં પણ અન્ય બિમારી જોવા મળી રહી છે. તેને લઈ ચિંતા વધુ છે. મળતી વિગતો પ્રમાણે કોરોનાની સારવાર દરમિયાન જ દર્દીઓના મૃત્યુ થયા છે તેમાં મોટાભાગના દર્દીઓ અન્ય બિમારીથી પણ પિડીત હોવાનું સામે આવ્યું છે.

જિલ્લામાં હાલ ૯૯૦૦થી વધુ લોકોનો ક્વૉરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. જિલ્લામાં ૧૧૨ જેટલા દર્દીઓ રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૦૬૦ લોકોના નમુનાઓની ચકાસણી કરવામાં આવી છે.

ગ્રામીણ વિસ્તારમાં જે ૧૪ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગર તાલુકામાં ૭, માણસા - દહેગામમાં ૧-૧ તથા કલોલમાં પાંચ કેસનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસોમાં પાંચ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

### ૧૫ દિવસથી ગુમ માનસિક અસ્વસ્થ માતાને જોઈ દીકરી બોલી

## ‘‘ગાંડી-ઘેલી એ પણ મા તો મા જ હોય છે’’ ૧૮૧ અભયમ ટીમનો આભાર માન્યો

મોડાસા,તા. ૬ અરવલ્લી બાયડના બસ સ્ટેનશમાં એક ઉમરલાયક વૃધ્ધા સુઈ રહ્યા છે એવો એક ફોન રાત્રિના સમયે ૧૮૧ અભયમના કંટ્રોલ રૂમે આવ્યો હતા અરવલ્લી જીલ્લા ૧૮૧ અભયમ ટિમ તાબડતોડ બાયડ પહોંચી હતી બસ સ્ટેન્ડમાં

વૃધ્ધા જયાં સૂતા હતા ત્યાં પંહોચીને પુછ્યુ કે, બા તમારે ક્યાં જવું છે કેમ અહિ રોકાયા છો. થોડી વાતચીત કર્યા પછી ખબર પડી કે બા માનસિક રીતે અસ્વસથ્ય છે અને તેમની દિકરીને મળવા નીકળ્યા છે.

બે દિવસથી બાયડના બસ સ્ટેશનમાં રોકાયેલા માજીનું અભયમની ટીમે કાઉન્સેલીગ કર્યુ તો બા એ બે દિવસથી સરખા જમ્યા પણ ન હતા. ૧૮૧ અભયમ ટીમના કાઉન્સિલર ચેતના ચૌધરીએ જમવાનું આપી પાણી પીવડાવી હૂંફ આપી વૃદ્ધા સાથે વાત શરૂ કરવાનો પ્રયાસ કર્યો તો બા માંડ-માંડ બોલી શક્યા કે હું મહિસાગર જિલ્લાના બાલાસીનોર ગામની છું. ત્યાં મારૂ કોઈ નથી પણ અંહિ બાયડમાં મારી દિકરી પરણાવી છે તો મળવા આવી છું. ટીમે વૃધ્ધાએ જે ગામના નામ બોલ્યા હતા તે ગામમાં સંપર્ક કરતા ખ્યાલ આવો કે, બા તો ૧૫ દિવસ પહેલાથી જ ઘરેથી નીકળી ગયા હતા, જયાં આશરો મળે ત્યાં રોકાય જાય ને જમવા મળે તો જમી લે એમ ભટકતા ભટકતા છેક બાયડ સુધી આવી ગયા હતા.

જયાં અરવલ્લીની ૧૮૧ અભયમ ટીમે બાલાસીનોરના ગામના સંપર્ક કરતા સરપંચે કહ્યુ છે તેમની દિકરી બાયડના મોટી દેરોલી ગામે પરણાવી છે, ને તેમને મળવા તેઓ નીકળ્યા હતા, અભયમ ટીમે રાતે ૧૨ના ટકોરે બા ને પોતાની દિકરીના ઘરે મુકી આવ્યા.

ઘરના આંગણે આમ અચાનક પોતાની માં ને જોઈ રડી પડતા નીરૂબેન રાવળે કહ્યુ કે અમે સગા-વ્હાલા બધે તપાસ કરી પણ ક્યાંય ભાળ મળી નહિ, પણ તમે મને મારી માં પાછી લાવી આપી, ગાંડી-ઘેલી એ પણ માં તો માં જ હોય છે તેવા શબ્દો સરી પડ્યા હતા .

### કોરોના અનલોક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ આગળ નિકળી ગયું છે. જો કે મૃત્યુઆંકમાં ભારત ઈટાલીથી ખૂબ જ પાછળ છે. જોકે, ઈટાલીમાં ૩૩,૭૭૪ દર્દીઓનાં મોત થઈ ચૂકયા છે જ્યારે ભારતમાં આ આંકડો ૬૬૪૯ છે. કોરોનાને હરાવવા બે મહિનાના કડક લોકડાઉન બાદ તેમાં આપવામાં આવેલી છૂટછાટના પગલે કોરોનાનો કેર દિવસેને દિવસે ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. અને હજુ તો ૮ જૂનથી મોલ-ધાર્મિક સ્થાનો વગેરે. ખુલી રહ્યાં છે. ત્યારે તે વખતે કેસો વધવાની શક્યતા નકારી શકાય તેમ નથી. આરોગ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે, શનિવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને ૨,૩૬,૬૫૭ સુધી પહોંચી ગયા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૯૮૮૭ નવા કેસ સાથે કોરોનાનો વિસ્ફોટ થયો હોય તેમ અત્યાર સુધીનો સૌથી મોટો વધારો જોવા મળ્યો છે.

### ભાજપને હટાવ્યું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પગલા અંગે અનેક અટકળો કરવામાં આવી રહી છે. ડેપ્યુટી સીએમ પદ પર ચર્ચા કે ડેપ્યુટી સીએમ પદ મધ્યપ્રદેશના મંત્રીમંડળમાં રહેશે કે કેમ, તેવું ભાજપ તરફથી હજી સુધી કોઈ સંકેત મળ્યા નથી. તાજેતરમાં જ જ્યોતિરાદિત્ય સિંધિયા કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા ત્યારે પક્ષના દિગ્ગજ નેતા દિગ્વિજયસિંહે મીડિયા સાથે વાત કરતા કહ્યું કે, ‘જ્યોતિરાદિત્ય સિંધિયાને મધ્ય પ્રદેશના ડેપ્યુટી સીએમ પદની ઓફર કરવામાં આવી હતી, પરંતુ તેઓ તેમની માન્યા ન હતા.